"મીઠાં બાળકો - બાપ તમને હદ અને બેહદ નું જ્ઞાન આપી, પછી એનાંથી પણ પાર ઘરે લઈ જાય છે, સતયુગ - ત્રેતા છે હદ, દ્વાપર - કળિયુગ છે બેહદ"

પ્રશ્ન :- બાપ દ્વારા મળેલાં જ્ઞાન માં મજબૂત કોણ રહી શકે છે?

ઉત્તર :- જે પૂરાં પવિત્ર બને છે. પવિત્ર નથી તો જ્ઞાન ધારણ નથી થતું. પવિત્ર ગોલ્ડન એજેડ (સતયુગી) બુદ્ધિમાં જ બધું જ્ઞાન ધારણ થાય છે, એ જ બાપ સમાન માસ્ટર નોલેજફુલ (માસ્ટર જ્ઞાન સાગર) બને છે.

પ્રશ્ન :- પુરુષાર્થ કરતા-કરતા આપ બાળકોની કઈ સ્ટેજ (સ્થિતિ) બની જશે?

ઉત્તર :- હમણાં સુધી જે ઉલ્ટા-સુલ્ટા સંકલ્પ -વિકલ્પ ચાલે છે તે બધાં સમાપ્ત થઈ જશે. બુદ્ધિયોગ એક બાપ સાથે લાગી જશે. બુદ્ધિ સોના નું વાસણ બની જશે. બાપ જે પણ રતન આપે છે તે બધાં ધારણ થતાં જશે.

ઓમ્ શાંતિ ! મીઠાં-મીઠાં રુહાની બાળકોને રુહાની બાપ રોજ-રોજ બેસી સમજાવે છે. આ તો બાળકોને સમજાવાયું છે કે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય નું આ સૃષ્ટિ ચક્ર બનેલું છે. હદ અને બેહદ થી પાર જવાનું છે. કહેવાય છે ને - હદ બેહદ થી પાર. તો બુદ્ધિમાં આ જ્ઞાન રાખવાનું છે કે હદ અને બેહદ થી પાર જવાનું છે. બાપ માટે પણ કહેવાય છે-હદ બેહદ થી પાર. આનો પણ અર્થ સમજવો જોઈએ. રુહાની બાપ રુહાની બાળકોને ટોપિક (વિષય) પર સમજાવે છે - જ્ઞાન, ભક્તિ પછી છે વૈરાગ્ય. આ તો જાણો છો કે જ્ઞાન દિવસ ને કહેવાય છે જ્યારે નવી દુનિયા છે. ત્યાં ભક્તિ હોતી નથી. તે છે હદની દુનિયા, ત્યાં બહુજ થોડા મનુષ્ય હોય છે, પછી ધીરે-ધીરે વૃધ્ધિ થાય છે. અડધાકલ્પ પછી ભક્તિ શરું થાય છે. જ્યારે જ્ઞાન અર્થાત્ દિવસ છે તો કોઈ સંન્યાસ ધર્મ નથી, વૈરાગ નથી. સંન્યાસ અથવા ત્યાગ ત્યાં હોતો નથી, આ બધી વાતો બુદ્ધિમાં રહેવી જોઈએ. ધીરે-ધીરે સૃષ્ટિની વૃધ્ધિ થતી જાય છે. જીવ આત્માઓ ની વૃધ્ધિ થાય છે. આત્માઓ પરમધામ થી આવતા રહે છે. હદ થી શરું થાય છે, આ સમયે બેહદમાં છે. તો બાપ હદ બેહદ થી પાર છે. હદમાં કેટલાં થોડા બાળકો છે પછી સૃષ્ટિ ની વૃધ્ધિ થાય છે. હવે એનાંથી પણ પાર જવાનું છે. આને કહેવાય છે બેહદ, પહેલાં આત્માઓ હદ માં હતાં. સતયુગ ત્રેતામાં પાર્ટ ભજવતા હતાં. ક્યાં ૯ લાખ મનુષ્ય, ક્યાં ૫-૬ સૌ કરોડ ચાલ્યા જાઓ બેહદ માં. મનુષ્ય તપાસ કરે છે ક્યાં સુધી આકાશ છે, ક્યાં સુધી સમુદ્ર છે, આનો અંત નથી મેળવી શકતાં. ઉપર જવાની કેટલી કોશિશ કરે છે. એટલું તેલ નાખવું પડે જે પછી પાછા પણ આવી શકે. બેહદમાં જઈ નથી શકતાં, હદ સુધી જશે. હદ બેહદ થી પાર નું રહસ્ય બાપ તમને સમજાવે છે. પહેલાં-પહેલાં નવી દુનિયામાં હદ છે. બહુજ થોડા રહે છે. તમને રચના નાં આદિ મધ્ય અંત નું જ્ઞાન હોવું જોઈએ. આ જ્ઞાન કોઈને નથી. બાપ ને જ નથી જાણતાં. આ બધું રહસ્ય સમજાવવા વાળા બાપ જ છે જે હદ બેહદ થી પાર છે. તો બાપ બેસી તમને રચના નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય સમજાવે છે. પછી બાપ કહે છે બાળકો એનાંથી પણ પાર જાઓ. ત્યાં તો કાંઈ છે નહીં. આકાશ જ આકાશ છે, પાણી જ પાણી છે. જમીન વગેરે કાંઈ નથી, આને કહેવાય છે હદ બેહદ થી પાર. આનો કોઈ પણ અંત નથી મેળવી શકતાં. બેઅંત, બેઅંત કહે છે પરંતુ અર્થ નથી જાણતાં. બાપ જ બધી સમજ આપે છે કારણ કે એ છે શ્રેષ્ઠ અર્થાત્ બહુજ સમજદાર. સમજી સમજીને જ બહુજ સમજદાર માળાનાં દાણા બન્યાં છે. મનુષ્ય કોઈ પણ રચયિતા અને રચના નાં આદિ-મધ્ય-અંતનું રહસ્ય નથી સમજતાં. બાપ જ સમજાવે છે. કહે છે કે હું હદને પણ જોઈ રહ્યો છું, બેહદમાં પણ જાઉં છું. આટલાં બધાં ધર્મ છે, આવી-આવી રીતે સ્થાપના થાય છે. તે સતયુગ છે હદની સૃષ્ટિ પછી કળિયુગ માં છે બેહદ. પછી હદ બેહદ થી પાર જ્યાં આપણું શાંતિધામ છે, સ્વીટ હોમ છે. સતયુગ પણ છે સ્વીટ હોમ. ત્યાં શાંતિ પણ છે તો રાજ્ય ભાગ્ય પણ છે. ત્યાં સુખ અને શાંતિ બંને છે. ઘરે જશે તો ત્યાં ફક્ત શાંતિ હશે, સુખનું નામ નહીં. હમણાં તમે શાંતિ અને સુખ બંને સ્થાપન કરી રહ્યાં છો. ત્યાં અશાંતિનું નામ નથી. અશાંતિ ૫ વિકારોથી છે, આ દુનિયામાં કોઈ નથી જાણતું. અડધાકલ્પ પછી ફરી રાવણ રાજ્ય થાય છે. તે લોકો કલ્પ ની આયુ લાખો વર્ષ કહી દે છે. સમજતાં કાંઈ પણ નથી, તેથી ભ્રષ્ટાચારી, દુઃખી પતિત છે. જરા પણ સભ્યતા નથી.

જે દૈવી સભ્યતા હતી, એની બદલે અસભ્યતા, આસુરી ગુણ થઈ ગયાં છે.

આ છે બેહદ નો ડ્રામા. હવે કહેવાય છે હદ બેહદ થી પાર, બહુજ દૂર-દૂર જાય છે. મનુષ્યો ને તો ખેલ ની કાંઈ પણ ખબર નથી કે સૌથી મોટું કોણ? ઊંચા માં ઊંચા છે ભગવાન, ત્યારે કહે છે તમારી ગત મત તમે જ જાણો. હમણાં આપ બાળકો બધુંજ સમજો છો. પરંતુ તમારામાં પણ નંબરવાર છે. બાપ બેસી સમજાવે છે કે મારી બુદ્ધિ ક્યાં સુધી જાય છે. હદ બેહદ થી પાર....ત્યાં કાંઈ પણ નથી. આપ બાળકોનું રહેવાનું સ્થાન છે તે બ્રહ્માંડ, બ્રહ્મ મહત્તત્વ. જેવી રીતે આકાશ તત્વ માં અહીં બેઠા છો, કાંઈ પણ દેખાતું નથી. પોલાર જ પોલાર છે. રેડિયો માં કહે છે કે આકાશવાણી. હવે આકાશ તો બહુજ વિશાળ છે, એનો અંત તો મેળવી નથી શકતાં. એની વાણી મનુષ્ય શું સમજશે? આ જે આકાશનું તત્વ છે, આ મુખ થી, પોલાર થી વાણી નીકળે છે, આને કહેવાય છે આકાશ વાણી. વાણી મુખ થી (પોલાર થી) નીકળે છે. વાણી કોઈ નાક કાન થી નહીં નીકળે. તો બાપ પણ આ શરીરમાં બેસી આ મુખથી આપ બાળકોને સમજાવે છે. તમે બાળકો જ જાણો છો કે બાપ શું (કોણ) છે. જેવી રીતે આપણે આત્મા છીએ તેવી રીતે બાબા પણ ઊંચા માં ઊંચા આત્મા છે. બધાંને નંબરવાર પાર્ટ મળેલો છે. ઊંચા માં ઊંચા બાપ પછી નીચે આવો, નંબરવાર ખેલ માં બધાં આવે છે. નવી દુનિયામાં પહેલાં-પહેલાં છે લક્ષ્મી-નારાયણ, પછી એમની સાથે જે નવી દુનિયામાં રહે છે, માળાને જુઓ. ઉપરમાં ફૂલ ઊંચા માં ઊંચા ભગવાન પછી છે મેરુ યુગલ. પછી માળા જુઓ કેવી વધે છે.

આ બધું ભણતર છે ને. બધું ભણતર બુદ્ધિમાં રહે છે. બીજ અને ઝાડ. બીજ ઉપર માં છે. રચયિતા બાપે બેસી રચના નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય તમને સમજાવ્યું છે. આ સૃષ્ટિ રુપી કલ્પવૃક્ષ છે, એની આયુ પણ એક્યુરેટ (બરાબર) છે, એમાં એક સેકન્ડનો પણ ફરક નથી પડી શકતો. તમને કેટલું જ્ઞાન મળે છે, એમાં મજબૂત તે રહી શકે છે જે પવિત્ર બને છે. નહીં તો જ્ઞાન ધારણ થઈ ન શકે. પવિત્ર વાસણ, ગોલ્ડન એજડ બુદ્ધિ હશે તો જ્ઞાન એવું સહજ ધારણ રહેશે જેમકે બાબાની પાસે છો. નંબરવાર માસ્ટર નોલેજફુલ બની જશો. આ રહસ્ય બાપ વગર કોઈ સમજાવી ન શકે. નહીં દેવતાઓનાં મુખથી સાંભળશો, ન પતિત મનુષ્યનાં મુખથી સાંભળશો. બાપ જ સંભળાવે છે, તે પણ હમણાં સંગમ પર જ તમે સાંભળો છો. બાપ એક જ વાર બાપ શિક્ષક, સદ્દગુરુ બને છે. પાર્ટ ભજવે છે પછી ૫ હજાર વર્ષ પછી તે જ પાર્ટ ભજવશો. પ્રલય તો થતો નથી. તો પહેલાં છે બાપ, ઊંચા માં ઊંચા શિવ પછી મેરુ ઊંચા માં ઊંચા મહારાજા-મહારાણી. પછી અંતમાં જઈને આદિ દેવ, આદિ દેવી બનશે. બધું જ્ઞાન તમારી બુદ્ધિમાં છે, પરંતુ નંબરવાર પુરુષાર્થ અનુસાર. આ જ્ઞાન તમે કોઈને પણ સંભળાવો તો વન્ડર (આશ્ચર્ય) ખાશે. બાપ નોલેજફુલ (જ્ઞાન સાગર) વગર આ જ્ઞાન કોઈ આપી ન શકે. આ બાળકોને ધારણ કરવું ખુબ સહજ છે, કોઈ મુશ્કેલી નથી પરંતુ યાદ ની યાત્રા છે મુખ્ય. સોના નાં વાસણમાં રતન રહી શકશે. ઊંચા માં ઊંચા રતન છે. આ બાબા રતનો નાં વેપારી પણ છે ને. સારા રતન આવતા હતાં તો ચાંદીની ડબ્બીમાં રૂ નાખીને એમ બનાવીને રાખતા હતાં. પછી એમ ખોલીને દેખાડતા હતાં જાણે બહુજ ફર્સ્ટ ક્લાસ વસ્તુ છે. સારી વસ્તુ, સારા વાસણ માં જ શોભે છે.

તમારા આ કાન છે વાસણ, એનાં દ્વારા તમે સાંભળો છો. ધારણ કરો છો તો આ સોનાનાં (પવિત્ર) જોઈએ અર્થાત્ બુદ્ધિયોગ બાબા સાથે પૂરો હોવો જોઈએ. બુદ્ધિયોગ ઠીક નહીં હશે તો કોઈ વાત રહેશે નહીં. ઉલ્ટા-સુલ્ટા સંકલ્પ પણ ન આવવા જોઈએ. તોફાન બંધ. પુરુષાર્થ કરતા-કરતા આ સ્ટેજ (સ્થિતિ) થશે. બુદ્ધિને બધી તરફથી કાઢીને મારી સાથે લગાવતા-લગાવતા વાસણ સોનાનું થઈ જશે, બીજાને પણ દાન આપતા રહો. ભારત મહાનદાની છે, ભારતમાં ધન વગેરે બહુજ દાન કરે છે. આ પછી છે અવિનાશી જ્ઞાન રતનો નું દાન, જે બાપ બાળકોને આપે છે. દેહ સહિત, દેહ નાં જે પણ સંબંધી છે એ બધાંને છોડી બુદ્ધિ એકની સાથે લગાવવાની છે. અમે તો બાપનાં છીએ. બસ. બાબા મુખ્ય લક્ષ બતાવી દે છે. પુરુષાર્થ કરવાનું બાળકોનું કામ છે ત્યારે જ ઊંચ પદ મેળવશો. કોઈ પણ ઉલ્ટો-સુલ્ટો સંકલ્પ નહીં ઉઠવો જોઈએ. બાપ છે જ્ઞાન નાં સાગર. હદ બેહદ થી પાર બધાં રહસ્ય સમજાવતાં રહે છે. હું હદ બેહદ થી પાર ચાલ્યો જાઉં છું, તમે પણ હદ બેહદ થી પાર છો, સંકલ્પ વગેરે કાંઈ નથી. પછી તમે પણ પાર ચાલ્યાં જશો. ગૃહસ્થ વ્યવહારમાં રહેતા કમળફૂલ સમાન બનવાનું છે. હથ કાર ડે દિલ શિવ બાબા કો દે..... ચાલતાં-ચાલતાં ઘણાં બાળકો તૂટી પણ પડે છે. નાપાસ થઈ પડે છે. તમને બધી ખબર પડી જશે. સારા-સારા મહારથીઓને પણ માયા હપ કરી ગઈ. આજે નથી. બાપને છોડી જઈને માયાની એશલમ (શરણ) લે છે. ભણવા વાળા ઊંચા ચાલ્યાં જાય છે અને ભણાવવા વાળા શિક્ષક માયાવી બની જાય છે.

જેવી રીતે ટ્રેટર (દગાબાજ) હોય છે, બીજા પાસે જઈને શરણ લે છે. જે પાવરફુલ (શક્તિ વાળી) જુએ છે એ તરફ ચાલ્યાં જાય છે. તમે જાણો છો બહુજ તાકાત વાળા તો એક બાપ છે, એ જ સર્વશક્તિમાન છે. આપણને ઊંચું ભણાવીને એકદમ વિશ્વ નાં માલિક બનાવી દે છે. કોઈ અપ્રાપ્ત વસ્તુ નથી જેનાં માટે પુરુષાર્થ કરવો પડે. એવી કોઈ વસ્તુ છે જ નહીં જે તમારી પાસે ન હોય. તે પણ છે નંબરવાર પુરુષાર્થ અનુસાર. બેહદ નાં બાપ વગર આ વાતો કોઈ જાણતું નથી. તમે જ પૂજ્ય હતાં પછી તમે જ પુજારી બનો છો. હવે ફરી પૂજ્ય બનવા માટે પુરુષાર્થ કરી રહ્યાં છો. જેટલાં બાબાની યાદમાં રહેશો તો માયા નાં તોફાન ખતમ થતાં જશે. હાતમતાઈ નો ખેલ દેખાડે છે. મુહલરો નાખતા હતાં તો માયા ભાગી જતી હતી. મુહલરો કાઢ્યો તો માયા આવી ગઈ. બાપ સમજાવે છે બાળકો પોતાને આત્મા ભાઈ-ભાઈ સમજો. શરીર જ નથી તો પછી દૃષ્ટિ ક્યાં જશે. એટલી મહેનત કરવાની છે. કલ્પ-કલ્પ તમારો જ પુરુષાર્થ ચાલે છે. પુરુષાર્થ થી તમે પોતાનું ભાગ્ય બનાવો છો.

બાપ બાળકોને મુખ્ય વાત કહે છે પોતાને આત્મા સમજી મુજ બાપને યાદ કરો. આ વાત તમે જ જાણી શકો છો. ભલે તેઓ કહે છે ગોડફાધર છે, આપણે બધાં ભાઈઓ છીએ. પરંતુ સમજતાં નથી. ગાય પણ છે કે બધાનાં સદ્દગતિ દાતા રામ, બધાંને સુખ આપવા વાળા એક જ બાપ છે. રામ ને બાબા નહીં કહેશે. બાબા એક શરીરધારી ને બીજા અશરીરી ને કહે છે. પહેલાં-પહેલાં છે અશરીરી પછી શરીરી બને છે. પહેલાં આપણે બાબાની સાથે રહીએ છીએ પછી પાર્ટ ભજવવા માટે લૌકિક દેહધારી બાપની પાસે આવીએ છીએ. આ બધી છે રુહાની વાતો. એ લૌકિક શારીરિક ભણતર ને ભૂલી જવાનું છે. ચક્ર આખું બુદ્ધિમાં છે. આ છે સંગમયુગ, આપણે હવે નવી દુનિયામાં જવાનું છે. જૂની દુનિયા ખતમ થવાની છે. હવે નવી દુનિયામાં જવા માટે દૈવી ગુણ પણ જરુર ધારણ કરવા પડે, પાવન બનવું પડે. બાપને પણ જરુર યાદ કરવા પડે અને પૂરે-પૂરા યાદ કરવાનાં છે જેથી પાપ કપાઈ જાય. બાપ કહે છે મને યાદ કરો તો પાવન બનશો, આને કહેવાય છે યોગ અગ્નિ. બાબાની શ્રીમત પર ચાલવાનું છે. બાકી તો આખી દુનિયા રાવણની મત પર ચાલી રહી છે. તે છે વિકારી મત. આ છે નિર્વિકારી મત. પાંચ વિકાર છે ને. પહેલાં-પહેલાં છે દેહ અહંકાર પછી કામ, ક્રોધ... મનુષ્ય અંહકાર ને છેલ્લે રાખે છે. હકીકતમાં અહંકાર તો પહેલાં હોવો જોઈએ. પાછળ બીજા વિકાર આવે છે. બાપ આપ બાળકોને સમજાવે છે કલ્પ-કલ્પ અનેક વાર સમજાવ્યું છે. દર ૫૦૦૦ વર્ષ પછી સમજાવે છે. બુદ્ધિ થી સમજો છો બાબા અમને આસ્તિક બનાવે છે અર્થાત્ રચતા અને રચના નું જ્ઞાન બતાવે છે એટલે એમને ક્રીયેટર (રચયિતા) કહેવાય છે. આમ તો અનાદિ ક્રિયેશન (રચના) છે તો પણ સમજાવવા વાળા એક છે, એમનામાં બધું જ્ઞાન છે. છે અનાદિ બનેલો ડ્રામા, કોઈ બનાવતું નથી. તે હદનો ડ્રામા શૂટ કરવો (બનાવવો) સહજ હોય છે. આ તો મોટો બેહદનો ડ્રામા છે. આ અનાદિ શૂટ કરાયેલો છે, બન્યો બનેલો (પૂર્વ નિર્ધારિત) છે. આ ડ્રામામાં જરા પણ ફરક નથી પડી શકતો. બેહદ ડ્રામા નું ચક્ર ચાલતું રહે છે. આપણે તમોપ્રધાન થી સતોપ્રધાન પછી સતોપ્રધાન થી તમોપ્રધાન બનીએ છીએ. પવિત્રતા ની જ મુખ્ય વાત આવે છે. પવિત્ર દુનિયામાં કેટલું સુખ છે, પતિત દુનિયામાં કેટલું દુઃખ છે. અડધોકલ્પ સુખધામ, અડધોકલ્પ દુ:ખધામ આ રહસ્ય પણ તમારી બુદ્ધિમાં જ છે, બીજું કોઈ નથી જાણતું. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. ઉલ્ટા-સુલ્ટા સંકલ્પો થી મુક્ત થવા માટે બુદ્ધિયોગ હદ બેહદ થી પાર ઘર માં લગાવવાનો છે. દૈહિક દૃષ્ટિ સમાપ્ત કરવા માટે આત્મા ભાઈ-ભાઈ છું - આ અભ્યાસ પાક્કો કરવાનો છે.
2. અવિનાશી જ્ઞાન રતનો નું દાન કરવાનું છે. બુદ્ધિને સોનું (પવિત્ર) બનાવવા માટે બીજી બધાં તરફથી કાઢી એક બાપ સાથે લગાવવાની છે.

વરદાન :- સ્વયં ને બાપ હવાલે કરી બુદ્ધિ થી પણ સરેન્ડર ( સમર્પણ ) થવા વાળા ડબલ લાઈટ ભવ

પોતાની જવાબદારી બાપ ને આપીને, સ્વયં ને બાપ હવાલે કરી દો અર્થાત્ પોતાનો બધો બોજ બાપને આપી દો તો ડબલ લાઈટ બની જશો. બુદ્ધિ થી સરેન્ડર થઈ જાઓ તો બીજી કોઈ પણ વાત બુદ્ધિમાં નહીં આવશે, બસ સર્વસ્વ બાપનું છે, સર્વસ્વ બાપમાં છે તો બીજું કાંઈ રહ્યું જ નહીં, જ્યારે રહ્યું જ નહીં તો બુદ્ધિ ક્યાં જશે, બસ એક બાપ, એક જ યાદ નો રસ્તો, આ રસ્તા થી સહજ મંઝિલ પર પહોંચી જશો.

સ્લોગન :- અડોલતા નાં તખ્ત પર વિરાજમાન થઈ, સાક્ષી દૃષ્ટા બની પાર્ટ ભજવવા વાળા શ્રેષ્ઠ પાર્ટધારી છે.